# <u>શરદ પૂર્ણિમાના ગરબા કાર્યક્રમનો અહેવાલ</u>

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન **યુનિવર્સિટીના** Extension Activity Cell દ્વારા તા.20/10/**2021**, બુધવારના રોજ સાંજે 06:00 કલાકે શરદ પૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવેલ.. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના નવ નિયુક્ત શિક્ષણ મંત્રીશ્રી, આદરણીય શ્રી જીતુભાઈ વાઘાણીજી, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક  વિભાગ, ગુજરાત રાજ્ય અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ સાથે-સાથે પ્રખ્યાત ગાયક શ્રી પાર્થિક ગોહિલ પણ આમંત્રિત કર્યા હતા. જેમાં યુનિવર્સિટી પરિવારના સભ્યશ્રીઓ તથા તેમના પરિવારજનો સાથે ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ગુજરાત રાજ્યના નવ નિયુક્ત શિક્ષણ મંત્રીશ્રી, આદરણીય શ્રી જીતુભાઈ વાઘાણીજીના અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી તેમજ યુનિવર્સિટીના બોર્ડ મેમ્બરશ્રીઓના સ્વ હસ્તે માતાજીનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યુનિવર્સિટીના પ્રાંગણમાં યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ,અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ, શ્રી ઉમેશભાઈના ઓરકેસ્ટ્રા દ્વારા ગરબાની રમઝટમાં જોડાયા હતા.

સૌએ કાર્યક્રમમાં આ અલગ-અલગ ટ્રેડીશનલ ડ્રેસ ધારણ કરી કાર્યક્રમને વધારે આહલાદક બનાવ્યો હતો. સૌએ ખૂબ ઉત્સાહપૂર્વક ગરબામાં ભાગ લીધેલ હતો. ગરબાના કાર્યક્રમમાં ભાગ લેનાર ખેલૈયાઓને શ્રેષ્ઠ ટ્રેડીશનલ ડ્રેસ કોડ,  શ્રેષ્ઠ ગરબા રમનાર ખેલૈયા અને અન્ય કેટેગરીના ઇનામોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. અંતે ભોજન સમારંભ પછી કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી હતી.









